ઘ-૨ થી ગ-૨ માર્ગ વાહનચાલકો માટે જોખમી

માર્ગ નવીનીકરણનું કામ પૂર્ણ થયા બાદ પણ ચેમ્બરો ખુલ્લી

ગાંધીનગર, તા. ૩

ઘ-૨ થી ખ-૨ તરફના માર્ગનું નવીનીકરણ કરી દેવાયું છે. લાંબા સમયની ઉબડ-ખાબડ બનેલા આ માર્ગને આખરે ચકાચક બનાવી દેવાયો છે. પરંતુ માર્ગની સાઈડમાં ફૂટપાથને અડીને કેટલાક કેકાણે સ્ટોર્મ વોટરની ચેમ્બરો હજુ પણ ખુલ્લી હોવાથી ભયજનક પુરવાર થાય તેવી દહેશત પ્રવર્તી છે.

શહેરમાં માર્ગ નવીનીકરણની કામગીરી અન્વયે વિવિધ કામોને મંજુરી આપવામાં આવી છે. જે અન્વયે શહેરમાં ઉબડ-ખાબડ માર્ગોની દશા સુધારવા તબક્કાવાર કામો હાથ ધરવામાં આવે છે. શહેરના ઘ-૨ થી ગ-૨ તરફ જતા માર્ગનું પણ ગત ચોમાસા દરમિયાન ધોવાણ થયું હતું. જ્યારે આ ખરબચડા માર્ગને ચકાચક બનાવવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. પરંતુ સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોનો પ્રશ્ન હજુ યથાવત છે. અગાઉ 'ગ' માર્ગ પર સ્ટોર્મ વોટર પાઈપની ચેમ્બરો માર્ગ વચાળે ખુલ્લી રહેતા અવાર-નવાર અકસ્માતો થતા હતા. તંત્ર દ્વારા ચેમ્બરોને કોર્નર કરવા અંદાજિત રૂ. ૨૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે હાલ ચ-૨ થી ગ-૨ તરફના માર્ગ પર માર્ગ નવીનીકરણના અંતે કેટલાક ઠેકાણે આ ચેમ્બરો ખુલ્લી રહેતા ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત પ્રવર્તી છે. આ માર્ગ પર સ્થિત ચેમ્બરોને કાયમી રીતે બંધ કરવા સ્થાનિક રહીશોને રજૂઆત કરી છે. અલબત્ત આ ચેમ્બરોના ઢાંકળા વારંવાર તુટી ન જાય તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠવા પામી છે.

ખૂણે... ...ખાંચરેથી

- આજે ગાંધીનગરમાં શિક્ષણ વિભાગની 'શિક્ષાયાત્રા' આવશે જે ગાંધીનગર જિલ્લામાં ભ્રમણ કરશે.
- ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે કારકુનોની બઢતીના સમાચાર પહોંચતા જ કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.
- ગાંધીનગર જિલ્લામાં આજે ગરમીનો પારો ઊંચકાયેલો જણાતાં લોકો આગામી ઉનાળો વધુ આકરો હશે તેવી ચર્ચાઓ કરતા હતા.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે.
- કલેક્ટર કચેરીમાં આંતરિક બદલીના ચક્રો ગતિમાન થયા છે. એકાદ-બે દિવસમાં ગંજીફો ચીપાશે તેમ મનાઈ રહ્યું છે.
- ગાંધીનગર જિલ્લાની આરોગ્ય સેવાઓની સ્થિતિની સમીક્ષા માટે આજે દિલ્હીથી ભારત સરકારના સંયુક્ત સચિવ આવ્યા હતા. તેમણે દહેગામ, ડભોડા અને પાલજ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી.

જ્ઞાન સાથે પ્રકૃતિનો ખીલવાનો-ખુલવાનો સુભગ સમન્વય એટલે વસંત પંચમી

ગાંધીનગર, તા. ૩

પ્રકૃતિ અને સંસ્કૃતિના સમન્વય તરીકેનો દિવસ જ્ઞાન પંચમી તરીકે ઉજવાય છે. મા સરસ્વતીનું પૂજન થાય છે, જ્ઞાનની આરાધના થાય છે. આપણા શાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબ વસંતપંચમીના દિવસે પુસ્તકનું પૂજન કરવામાં આવે છે. શબ્દ અને સંસ્કાર સાથે વણાયેલી જ્ઞાનપંચમી પ્રાકૃતિક વૈભવ વ્યક્ત કરતી વસંત પંચમી સાથે સુભગ સમન્વય થાય છે. જ્ઞાન અને પ્રકૃતિ લગોલગ પૂજાય છે અને એટલા જ માટે આપણી સામાજીક પરંપરામાં વસંતપંચમીને વણજોયેલા મુહૂર્તમાં ગણાવાય છે. જૈન દેરાસરો અને શાળા-

મહાશાળાઓમાં સરસ્વતી પૂજનના કાર્યક્રમો યોજાય છે. જ્યારે ઠેરઠેર લગ્નના માંડવા પણ બંધાયા છે. એક અંદાજ મુજબ ગાંધીનગર શહેર અને જિલ્લામાં સાત હજારથી વધુ લગ્નો યોજાશે. આમ આજનો દિવસ મંગલ દિવસ તરીકે ઓળખાય છે.

માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર ઉત્તરભારતમાં આ અનેરા અવસરની ઉજવણી વિવિધ નામે કરવામાં આવે છે. વસંતઋતુમા આવતા વિવિધ તહેવારોની ઉજવણીનો પ્રારંભ વસંતપંચમીથી થાય છે. મહા માસના પાંચમા દિવસે ઉજવાતી વસંત પંચમીને જ્ઞાન, સંગીત અને કલાની દેવી સરસ્વતીની ઉપાસનાના દિવસ તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે કે જ્ઞાની દેવી સરસ્વતીનો આ દિવસે જન્મ થયો હતો. આથી જ હિંદુ મંદિરોમાં, ઘરોમાં તથા શાળા-કોલેજોમાં વસંતપંચમીની ઉજવણી જ્ઞાન-પંચમી તરીકે કરવામાં આવે છે. દેશના ઘણા ભાગોમાં આ દિવસે પિતૃતર્પણ પણ કરવામાં આવે છે. જ્ઞાન મેળવવાની એટલે કે અભ્યાસની શરૂઆત કરનારાઓ માટે વસંત પંચમીનો દિવસ શ્રેષ્ઠ ગણાય છે. અભ્યાસની શરૂઆત કરનારા નાના ભૂલકાઓ વિદ્યારંભ સંસ્કાર સાથે આ દિવસે લખવા-વાંચવાની શરૂઆત કરે છે. નવી શાળાઓ-સંસ્થાઓનો પ્રારંભ કરવા માટે આ દિવસ સૌથી વધુ ઉત્તમ ગણાય છે.

પ્રકૃતિમાં આવી રહેલા નાવિન્ય સાથે જ્ઞાનમાં વધારો કરવા તેમાં નાવિન્ય લાવવા માટે ઉજવાતા વસંતપંચમી જ્ઞાનપંચમીના દિવસથી જનજીવનમાં જાણે નવો ઉત્સાહ નવો થનગનાટ આવી જાય છે.

જિલ્લાના ૨૩ કારકુનોને નાયબ મામલતદાર તરીકે બઢતી

રાજયના ૨૨૫ કારકુનોને બઢતી અપાઈ પાંચ નવરચિત જિલ્લામાં પણ નિમણુંકો અપાઈ

ગાંધીનગર, તા.૩

રાજય સરકારે આજે વિવિધ જિલ્લા કલેક્ટર કચેરીના ૨૨૫ જેટલા કારકુનોને નાયબ મામલતદાર તરીકેની સામૂહિક બઢતીના હુકમો કર્યા છે.

રાજયના મહેસુલ વિભાગ દ્વારા આજે જારી કરાયેલા આ હુકમમાં ગાંધીનગર જિલ્લાના ૨૩ કારકુનોને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.

આ ૨૩ નાયબ મામલતદારો પૈકી ૩ નાયબ મામલતદારને પ્રતિનિયુકતિ પર મહિસાગર જિલ્લામાં મુકવામાં આવ્યા છે. જિલ્લાના જે ૨૦ને બઢતી મળી છે તેમાં શ્રીમતિ જ.એન. ચૌહાણ, શ્રી ડી.એલ. વાઘેલા, શ્રી ડી.બી. રાવલ, શ્રીમતી ડી.પી. પટેલ, કુ.આર.જે. માયાવંશી, શ્રી બી.પી. પ્રજાપતિ, શ્રી બી.ડી. ચાવડા, શ્રી કે.વી. રાવ, શ્રી એસ.એ. ચાવડા, શ્રી એસ.એ. પરમાર, શ્રીમતી સી.જે. પટેલ, શ્રી પી.જે. પરમાર, શ્રી ડી.જે. પટેલ, શ્રી એ.આઈ. પટેલ, શ્રીમતી આર.એ. મકવાણા, શ્રી જી.એલ. પ્રજાપતિ, શ્રીમતી બી.પી. પટેલ, શ્રીમતિ ડી.જે. પંડયાનો સમાવેશ થાય છે.

શ્રી આર.પી. ઠાકોર, શ્રી એચ.એચ. નાયક અને શ્રી પી.એમ. પરમારને મહિસાગરમાં પ્રતિ નિયુકતી પર મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત શ્રી આર.આર. વ્યાસ જે મુખ્યમંત્રીના

આસારામની જામીન અરજી અંગે ૬ ફેબ્રુઆરીએ સુનાવણી

ગાંધીનગર, તા.૩

આશારામની જામીન અરજી સંદર્ભે આજે પોલીસે કોર્ટમાં એફીડેવીટ

રજૂ કર્યું હતું. ડિસ્ટ્રીકટ કોર્ટે આગામી ૬ ફેબ્રુઆરીના રોજ જામીન અરજી સંદર્ભે સુનાવણી હાથ ધરવાનો આદેશ કર્યો છે.

યુવતિના યૌન શોષણ કેસમાં ઝડપાયેલા આશારામે જામીન પર મુકત થવા વકીલ મારફતે ગાંધીનગરની ડિસ્ટ્રીકટ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી છે. જેની મુદત સંદર્ભે ડિસ્ટ્રીકટ કોર્ટમાં આગામી તા. ૬ ફેબ્રુઆરીના રોજ ફાઈનલ હીયરીંગ કરવામાં આવશે. આજે મુદત દરમિયાન પોલીસે આ કેસ મામલે કોર્ટમાં એફીડેવીટ રજૂ કર્યું હતું. જ્યારે એફીડેવીટ સંદર્ભમાં ડિસ્ટ્રીકટ જજ જી.કે. ઉપાધ્યાય એ આગામી ગુરૂવારે સુનાવણી હાથ ધરવાનો આદેશ કર્યો છે.

મનરેગા - રાજ્યમાં મનરેગાના ગ્રામ રોજગારના કર્મચારીઓને કાયમી કરવાની સાથે સરકારી ધોરણે પગાર આપવાની માંગ સાથે ગાંધીનગરમાં કર્મચારીઓની રેલી યોજાઈ હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારના રાજકીય સંઘર્ષમાં નાના કર્મચારીઓ પીસાઈ રહ્યા છે એવી ચર્ચા વ્યાપક બનતી જાય છે. મનરેગાના ગ્રામ રોજગાર સેવકોમાં ગુજરાત સરકારના અમાનવીય નિર્ણય સામે વ્યાપક રોષ પ્રવર્તતો હતો. (તસવીર : દિપક જાની)

ઓવર લોડેડ ટ્રકો પાસેથી બે ગણી પેનલ્ટી વસુલવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

રાજયના વાહનવ્યવહાર વિભાગે ઓવરલોડ ટ્રકો પકડ્યા પછી કાર્યવાહી કરવાના નિયમો હળવા કરતા પોલીસ માટે મુંઝવણભરી સ્થિતિ સર્જાઈ છે. જો કે સાથે જ ઓવરલોડ ટ્રકો પકડાય તો પેનલ્ટી અને દંડની રકમ બમણી કરવી તેવો પણ આ પરિપત્રમાં ઉલ્લેખ છે.

અગાઉ ઓવરલોડ ટ્રક પકડાય તો એક ટન દીઠ રૂ. ૪૫૦ હતો તેમાં વધારો કરી હવે દંડની રકમ રૂ. ૯૦૦ કરી છે. જેટલા ટન વધુ માલ ઓવરલોડ હશે તેટલી વધુ પેનલ્ટી વસુલવામાં આવશે. અગાઉ આર.ટી.ઓ. ઓવરલોડ ટ્રકો પકડીને તેનો માલ બીજા વાહનમાં શીફ્ટ કરવાનો આદેશ આપી આવી ટ્રકો ૩ મહિના માટે જપ્ત કરી તેનું હંગામી રજીસ્ટ્રેશન રદ કરતી હતી. નવી જોગવાઈથી ટ્રકો પકડાય તો બમણો પેનલ્ટી-દંડ ભરી છટકી જવાની તક ટ્રકચાલકોને મળશે. હાઈવે પર અને શહેરમાં મોટાભાગે થતા અકસ્માત માટે ઓવરલોડ ટ્રકોને જવાબદાર માનવામાં આવે છે. ત્રણ માસ માટે ઓવરલોડ ટ્રકનું રજીસ્ટ્રેશન અગાઉ રદ કરાતુ હોવાથી વાહનમાલિકો જોખમ લેવાનુ ટાળતા હતા. રાજયભરની આરટીઓ કચેરીઓ પાસે સર્વેલન્સ સ્ટાફની અછત છે ત્યારે દંડ અને પેનલ્ટીની રકમ બમણી કરવાથી ઓવરલોડ ટ્રકોને રોજેરોજ પકડવી મુશ્કેલ બનશે. નવી જોગવાઈથી અકસ્માતોની સંખ્યા અને માનવ ખુવારી વધશે.

પાંચ ગામ લેઉવા પાટીદાર બેસણું

ડિસ્ટ્રીકટ કોર્ટ સંકુલના બહારના ભાગમાંથી ગંદકી ઉલેચવા અગ્રણી વકીલ અજીતસિંહ ગોહીલ દ્વારા સ્વેચ્છાએ અનોખું સફાઈ અભિયાન હાથ

ધરવામાં આવ્યું હતું. રવિવારની રજાના દિવસ દરમિયાન તેમણે ટ્રેકટર મારફતે સફાઈ ઝુંબેશ હાથ ધરી કોર્ટ સંકુલ આસપાસના વિસ્તારને નિર્મળ બનાવવા પ્રયાસ કર્યો હતો.

ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટ સંકુલ ઉપરાંત બહારના ભાગમાં સ્વચ્છતાના અભાવે ગંદકી જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી કોર્ટ સંકુલ બહારના પાર્કિંગ વિસ્તારમાં પણ ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયા હતા. જેને ધ્યાને લઈ બાર એસોસિએશનના પ્રમુખ અજીતસિંહ ગોહીલ દ્વારા ગઈ કાલે સ્વેચ્છાએ અને સ્વહસ્તે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. અગાઉ પણ તેમણે કોર્ટ સંકુલ બહારના ભાગમાં ટ્રેકટરની મદદથી કચરાના ઢગ ઉલેચવાનું કામ કર્યુ હતું. રવિવારે રજાના દિવસે તેમણે પાર્કીંગ વિસ્તારમાં સફાઈ કામગીરી હાથ ધરી હતી. આગામી દિવસોમાં કોર્ટ સંકુલમાં વકીલોના બેઠક શેડમાં પણ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

તાલુકા પંચાયતની ૧૦મીએ ખાસ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૧૦મી ફેબ્રુઆરીના રોજ બોલાવવામાં આવી છે.

તાલુકા વિકાસ અધિકારીશ્રીની કામગીરીને લઈ ચૂંટાયેલી પાંખ અને વહીવટીતંત્ર વચ્ચે ઉભી થયેલી મડાગાંઠના પગલે આ ખાસ બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીને સરકારમાં પરત મોકલવા અંગેનો પ્રસ્તાવ થશે તેમ મનાઈ રહ્યું છે.

તાલુકા વિકાસ અધિકારીશ્રી અને ચૂંટાયેલી પાંખ વચ્ચેની મડાગાંઠને લઈ તાલુકાનું રાજકારણ ગરમાયું છે. આ મુદ્દે પંચાયતના આગેવાનોએ રાજ્ય સરકારમાં પણ વિવિધ સ્તરે રજુઆતો કરી હોવાનું જાણવા મળેલ છે.

અગાઉ પણ આવો પ્રયાસ થયો હતો પરંતુ પાછળથી મામલો થાળે પડી ગયો હતો. આજે આ મુદ્દે તાલુકા પંચાયતના પદાધિકારીઓ અને સભ્યો જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પણ સમૂહમાં મળી રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે.

નરેન્દ્ર મોદીની મુલાકાત કરાવવા કોંગી સાંસદોએ સંપર્ક કર્યો : બાબા રામદેવ

રામદેવનો અમદાવાદમાં ચોંકાવનારો ઘટસ્ફોટ : કેટલા અને કોણ સાંસદો હતા તે અંગે બાબાએ મૌન સેવ્યું ભારત સ્વાભિમાન મંચ ૫૦ કરોડ મતદારોનો સંપર્ક કરશે

અમદાવાદ, તા. ૦૩

યોગગુરૂ બાબા રામદેવે આજે અમદાવાદ ખાતે એક પત્રકાર

પરિષદમાં એવો ચોંકાવનારો ધડાકો કર્યો હતો કે કોંગ્રેસના કેટલાંક સાંસદો અને પ્રધાનોએ મારો સંપર્ક કરી ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સાથે તેમની મુલાકાત કરાવી આપવા વિનંતી કરી હતી. અને મેં આ સાંસદો તથા પ્રધાનોની નરેન્દ્ર મોદી સાથે મુલાકાત પણ કન્ફર્મ કરાવી આપી હતી. બાબા રામદેવે એક ભરચક પત્રકાર પરિષદમાં જ્યારે આ સનસનાટીભર્યું નિવેદન કર્યું ત્યારે પત્રકારોએ એ પ્રધાનો અને સાંસદો કેટલા હતા અને કોણ-કોણ હતા? કેવા ઉપરા ઉપરી પ્રશ્નોની ઝડી વરસાવી ત્યારે ખુબ જ ચતુરાઈપૂર્વક બાબા રામદેવે આ સંદર્ભમાં વધુ કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું. સનસનાટીભર્યા અને સ્ફોટક રાજકીય નિવેદનો કરી સમાચારોમાં ઝળકતા રહેવાની ટેવ ધરાવતા બાબા રામદેવે આજે કેન્દ્રની યુપીએ સરકાર ઉપર પણ ભારે પ્રહારો કર્યા હતા તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૪ની ધર્મયુદ્ધની લડાઈ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. ભારત સ્વાભિમાન મંચ તરફથી અમે આ ભ્રષ્ટ સરકારને બદલવા ડોર-ટુ-ડોર કેમ્પેઈન કરી ૫૦ કરોડ મતદારો સુધી પહોચીશું.

તેમણએ વધુમાં જણાવ્યું હતું કે આ સંદર્ભમાં અને તા. ૧૭ માર્ચથી સમગ્ર દેશમાં તાલુકા સ્તરે યોગ સમાહ શરૂ કરીશું તથા તા. ૨૩ માર્ચે દેશના ૬૦૦ જિલ્લાઓમાં આ કાર્યક્રમો દ્વારા ૧૦ કરોડ લોકો એક સાથે યોગ કરશે. આ કાર્યક્રમથી ભારતની ખરડાયેલી પ્રતિષ્ઠાને આધ્યાત્મિક રૂપથી સ્થાપિત કરાશે. અને આ કાર્યક્રમ ગીનીસ બુકમાં પણ સ્થાન પામશે. તેમણે ઉમેર્યું હતું કે અમે નરેન્દ્ર મોદી ૩૦૦ સાંસદો સામે સંસદમાં પ્રવેશે તેવા પ્રયાસો કરી રહ્યા છીએ અમારે ભ્રષ્ટાચાર યુકત ભારત બનાવવું છે અને દેશમાં ગૌ હત્યાનું કલંક મિટાવવું છે અમે સંકલ્પ કરીએ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર અને સીટી જૂના અને નવાના
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૦, વિશ્વકર્મા સોસાયટી સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૧૯, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૧૧૬૩, ૨૩૨૨૩૪૪, મો. : ૯૪૨૬૫ ૭૪૫૮૯, ૯૬૧૪૦ ૦૧૬૮૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
બ્લોક નં. ૧૮ગો ૪થો માળ, ઉદ્યોગભવન, સે.૧૧, ગાંધીનગર
ફોન, ફેક્સ નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮, Email : guda_info@yahoo.co.in
ટેન્ડર નોટીસ નં. ૧૭ સને ૨૦૧૩-૧૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ/કેન્દ્ર સરકાર / બોર્ડ નિગમની માન્ય યાદીમાં નોંધાયેલ આ પ્રકારના કામના અનુભવી કોન્ટ્રાક્ટરશ્રીઓ પાસેથી ઓન-લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

અ. નં.	કામનું નામ	અંદાજીત રકમ રૂ. ટેન્ડર ફી	ઈ.એમ.ડી. ટાઈમ લીમીટ ઉંજાદાર શ્રેણી
૧.	ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં.૧૯ (રાયસણ) પાણી પુરવઠા માટે ડીસ્ટ્રીબ્યુટરી પાઈપ લાઈનો નાખવાનું કામ	રૂ. ૫૫૮.૧૦ લાખ રૂ. ૧૨૦૦૦/-	રૂ. ૫૫૮૦૦૦.૦૦ ૧૧ (અગિયાર) માસ 'A' ક્લાસ અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી)
૨.	ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧ (કુડાસણ) ૨૪૩ પાણી પુરવઠા માટે ડીસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈનો નાખવાનું કામ	રૂ. ૩૮૦.૪૦ લાખ રૂ. ૧૦૦૦/-	રૂ. ૩૮૧૦૦૦.૦૦ ૧૧ (અગિયાર) માસ 'A' ક્લાસ અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી)
૩.	ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧૯ (રાયસણ) માટે પાણી પુરવઠા માટે વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઈલેક્ટ્રીકલ મીકેનીકલના કામ સાથે સાઈઝીંગ મેઈન, ESR વિગેરેનું ત્રણ વર્ષ M&R સાથેનું કામ.	રૂ. ૯૯૮.૨૮ લાખ રૂ. ૧૨૦૦૦/-	રૂ. ૧૦૦૦૦૦૦.૦૦ ૧૧ (અગિયાર) માસ 'AA' ક્લાસ (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી)
૪.	ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧ (કુડાસણ) માટે ૨૪૨૩ પાણી પુરવઠા માટે વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઈલેક્ટ્રીકલ મીકેનીકલના કામ સાથે સાઈઝીંગ મેઈન, ESR વિગેરેનું ત્રણ વર્ષ M&R સાથેનું કામ.	રૂ. ૩૪૪.૨૪ લાખ રૂ. ૧૦૦૦/-	રૂ. ૩૭૫૦૦૦.૦૦ ૯ (નવ) માસ 'A' ક્લાસ અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી)
૫.	ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર માટે મોબાઈલ ટોઈલેટ (૪ સીટર) નમુના પ્રમાણે તૈયાર કરી આર.ટી.ઓ. પાર્કીંગ સહિત સપ્લાય કરવાનું કામ.	રૂ. ૭.૦૦ લાખ રૂ. ૧૦૦૦/-	રૂ. ૭૦૭૦.૦૦ ૯ (૭ માસ) 'આવા કામના અનુભવી મેન્યુફેક્ચરર્સ (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી)
૬.	ગુડા વિસ્તારની એલ.આઈ.જી. હાઉસીંગમાં લીફટવેરનું કામ. બનાવવાનું કામ.	રૂ. ૧૧૫.૬૫ લાખ રૂ. ૩૬૦૦/-	રૂ. ૧૧૬૦૦૦.૦૦ ૬ (૭ માસ) અને ઉપરના 'સી' ક્લાસ અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી)

- ઉપરોક્ત કામની વિગતો અગેની કચેરીની ઈન્ફ્રાસ્ટ્રકચર શાખામાંથી તથા ગુડાની વેબસાઈટ http://guda.nprocure.com પરથી તા. ૩૧/૧/૨૦૧૪થી જોવા મળશે.
- ઓન-લાઈન ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તા. ૨૦/૨/૨૦૧૪ સાંજના ૧૮-૦૦ કલાક સુધી.
- ટેન્ડરની હાર્ડ કોપી ટેન્ડર ફી, ઈ.એમ.ડી. ગુડા ઓફીસે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ / કુરીયરથી મોકલવાની છેલ્લી તા. ૨૪/૨/૨૦૧૪ ૧૭-૩૦ કલાક સુધીમાં *(કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે)
- ઓન-લાઈન ટેકનીકલબીડ ખોલવાની સંભવિત તા. ૨૪/૨/૨૦૧૪ સમય ૧૮-૦૦ કલાક

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૩૧/૫/૨૦૧૪
કાર્યપાલક ઈજનેર
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
માહિતી/૨૩૮૮/૧૩-૧૪

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com